






**તા. ૨૬/૬/૨૫ : ક્રાફ્ટ એક્ટિવીટી :** શિશુ-૧,૨ના વિદ્યાર્થીઓને શિક્ષકો દ્વારા સરસ રંગીન કાગળમાંથી છત્રી, વાદળ, વરસાદ વગેરેના આકારોના કાગળ કામ કરી સુંદર ચિત્ર બનાવતા શિખવ્યું હતું. જેમાં બાળકો ખૂબ મજા આવી હતી.







**તા. ૫/૭/૨૫ : ફ્રી હેન્ડ એક્ટિવીટી :** આ એક્ટિવીટીમાં નર્સરી, શિશુ-૧,૨ ના દરેક વર્ગમાં અલગ અલગ રીતે જેમ,કે નર્સરીમાં કાગળમાંથી નાવડી, શિશુ-૧ માં કાગળમાંથી આઇસ્ક્રીમ અને શિશુ-૨ માં કાગળમાંથી છત્રી બનાવવાની એક્ટિવીટી કરાવવામાં આવી હતી. કાગળ કાપવા, વાળવા અને ચોંટાડવાથી બાળકોના હાથના સ્નાયુઓ મજબૂત બને છે, સાથે તાર્કીક શકિત અને સર્જનાત્મકતા વિકસે છે.

**તા. ૧૦/૭/૨૫ : ગુરુપૂર્ણિમા :** મનુષ્ય જીવનમાં ગુરુનું વિશેષ મહત્વ રહેલુ છે. બાળકના જીવન ઘડતરમાં ગુરુનો ઘણો મોટો ફાળો રહેલો છે. ગુરુપૂર્ણિમાના આ પાવન પર્વ એ પરમ પૂજય બ્રહમલીન શ્રી નારાયણ બાપુનુ પૂજન કરી ગુરુવંદના કરવામાં આવી હતી.







**તા. ૧૦/૭/૨૫ : ગૌરીવ્રત ઉજવણી :** પૂર્વ પ્રાથમિક વિભાગમાં ગૌરી વ્રતની ઉજવણી કરવામાં આવી. જેમાં નાની બાળાઓ ઉત્સાહ ભેર ભાગ લીધો ગોરોની પૂજા કરી. શિક્ષકોએ બાળકોને ગૌરી વ્રતની સરળ વાર્તા કહી અને વ્રતને અનુરૂપ ગીતો જેવા કે, ગોરમાંનો વર કેસરીયો.. જેવાં ગીતો અને ગરબા કરાવી વ્રતની ઉજવણી કરાવી જેમા બાળકોએ ખૂબ આંનદ અનુભવ્યો હતો.

**તા. ૧૬/૭/૨૫ : જલ, થલ, નભ, ગતિ વિધિ રમત :** આ રમત દ્વારા બાળકો પાણી (જલ), જમીન (થલ) અને આકાશ (નભ) સાથે પરિચિત થાય છે. તેઓ શીખે છે કે જળ, જમીન અને આકાશ આપણા જીવનમાટે કેટલી જરૂરી વસ્તુઓ છે. આ રમત બાળકો માટે માત્ર મોજમસ્તી નથી, પરંતુ આ રમતોથી શારીરિક, માનસિક, સામાજીકઅને પર્યાવરણ સાથે સંબંધિત જ્ઞાનનો વિકાસ થાય છે.
**તા. ૨૬/૭/૨૫ : ફ્રી હેન્ડ એક્ટિવીટી :** શિશુ- ૨ અ,બના વિદ્યાર્થીઓને જુદી જુદી રમતો જેવી, કે પાસીગ ધ બોટલ, ગણતરી, ઝીકઝેક રેસ, સંગીત ખુરશી, જેવી રમતો રમાડી હતી. તેમજ, શિશુ-૧ અ,બના વિદ્યાર્થીઓને રંગીન કાગળમાંથી પક્ષીઓ બનાવી ચોંટાડવાની એક્ટિવીટી કરાવવામાં આવી હતી.

**માણસાઇનું એક જ પગથિયું ચડી જાવ, ડુંગર ચડવાની માનતા નહીં રાખવી પડે.**